# ૨૦૧૯–૨૦૨૦

**હુકમ નં.૧**

**અરજદાર ની આઈ.ડી.નં.૩૧૧, તા.૨૨/૦૮/૨૦૧૯ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.**SMC/FAP/BRIDGE CELL/No.01/2019-2020.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૨૨/૦૮/૨૦૧૯ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૩૧૧, તા.૧૭/૦૬/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૯/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા શહેર સુરતનાં જહાંગીરપુરા વિસ્તારથી ડભોલી વિસ્તારને જોડતો સુરત મહાનગરપાલિકા ધ્વાર જે બ્રીજનું નિર્માણ કરવામાં આવેલ છે તે બ્રીજના પ્લાન / નકશાની નકલો વિગેરે મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર (બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી યુ.કે.નાયક ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૩ ની પુર્તતા અંગે અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિની ચકાસણી કરી માહિતીની પુર્તતા કરી જરૂરી નકશાની નકલ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૨૨, તા.૨૨/૦૭/૨૦૧૯થી અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા સુરતનાં જહાંગીરપુરા વિસ્તારથી ડભોલી વિસ્તારને જોડતા બ્રીજ બાબતે અધુરી અને યોગ્ય માહિતી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ)ને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે અરજદારશ્રી તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને પોતાના પક્ષ તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓએ અરજદારને આપેલ માહિતી યોગ્ય અને ખાતા ધ્વારા સદર બ્રીજનાં તમામ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી માહિતી / દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ છે. અને ખાતાના પર્યાપ્ત રેકર્ડ મુજબની માહિતી આપવામાં આવેલ છે. જેથી અત્રેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી.

૬. **રીમાર્કર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે બંને પક્ષકારોને બોલાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર હાજર રહેલ ન હતા જા.મા.અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ હતા અને તેઓને પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૩૧૧, તા.૨૨/૦૮/૨૦૧૯ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિની ચકાસણી બાદે તમામ તુમારો / દસ્તાવેજો અત્રેથી અરજદારને પુરા પાડવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in